For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## પાર્લામેન્ટરી બોર્ડના મંથન બાદ હવે મોવડી મંડળ આપશે આખરી ઓપ

# ભાજપના ગઢ વડોદરામાં નવા ‘નાયકો’ની વરણીની ઘડીઓ ગણાય: આજે ગાંધીનગરમાં હાઈપ્રોફાઈલ બેઠક

**તબક્કાવાર** રીતે જાહેર થશે જિલ્લા-તાલુકા પંચાયતના પ્રમુખોના નામ

(પ્રતિનિધિ) વડોદરા તા.15

ગુજરાત ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની મહત્વની બેઠક ગાંધીનગરમાં સંપન્ન થઈ છે, જેમાં વડોદરા શહેર અને જિલ્લા સહિત સમગ્ર રાજ્યના હોદ્દેદારોના નામ પર આખરી મંથન કરવામાં આવ્યું છે. વડાપ્રધાનના પ્રવાસને કારણે વડોદરા અને સૌરાષ્ટ્રના જે વિસ્તારોનું હિયરિંગ બાકી હતું, તે પ્રક્રિયા પણ હવે પૂર્ણ કરી લેવામાં આવી છે.

પાર્લામેન્ટરી બોર્ડની બેઠક બાદ હવે શનિવારે ફરી એકવાર ભાજપના મુખ્ય મોવડીઓની અત્યંત મહત્વની બેઠક મળવાની સંભાવના છે. આ બેઠકમાં મુખ્યમંત્રી, પ્રદેશ ભાજપ પ્રમુખ અને સંગઠન મહામંત્રી રત્નાકરજી ઉપસ્થિત રહેશે અને તૈયાર કરાયેલી યાદી પર આખરી ઓપ આપશે. આ બેઠક બાદ પસંદ થયેલા નામો પર સત્તાવાર મહોર લાગી જશે.

મુખ્ય મોવડીઓની બેઠક પૂર્ણ થયા બાદ, આગામી સપ્તાહથી વડોદરા સહિત તમામ જિલ્લા અને તાલુકા સ્તરે તબક્કાવાર રીતે નામોની જાહેરાત કરવામાં આવશે. ભાજપની રણનીતિ મુજબ, પ્રદેશ દ્વારા નક્કી કરાયેલા નામોની યાદી લઈને નિરીક્ષકો જે તે બોર્ડ નગરપાલિકા કે પંચાયત માં જશે અને ત્યાં સત્તાવાર રીતે નામો જાહેર કરશે. આ તમામ પ્રક્રિયા પૂર્ણ કરી 22 મે સુધીમાં નવા હોદ્દેદારો પદ ગ્રહણ કરી લે તે પ્રકારનું આયોજન પક્ષ દ્વારા કરવામાં આવ્યું છે.

વડોદરા જિલ્લાની નગરપાલિકાઓ અને પંચાયતો માટે સેન્સ પ્રક્રિયા દ્વારા જે ત્રણ-ત્રણ નામોની પેનલ તૈયાર કરવામાં આવી હતી, તેના પર પાર્લામેન્ટરી બોર્ડમાં વિસ્તૃત ચર્ચા થઈ ચૂકી છે. હવે શનિવારની બેઠક બાદ વડોદરાના નવા સુકાનીઓના નામ પરથી પણ પડદો ઊંચકાશે, જેને લઈને સ્થાનિક રાજકારણમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી છે.

### મેયર પદે સમીર વાઘેલા અને ચેરમેન પદે આદિત્ય પટેલના નામોની ચર્ચા

વડોદરા મહાનગરપાલિકામાં નવા મેયર, ડેપ્યુટી મેયર અને સ્થાયી સમિતિના ચેરમેન પદને લઈને રાજકીય ગલિયારાઓમાં અટકળોનો



સમીર વાઘેલા વર્ષા વ્યાસ આદિત્ય પટેલ

દોર શરૂ થઈ ગયો છે. ભાજપ દ્વારા હજુ સત્તાવાર જાહેરાત બાકી છે, પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર ત્રણ નામો હાલ સૌથી વધુ રેસમાં છે. મેયર પદ માટેઃ સમીર વાઘેલા, ડેપ્યુટી મેયર પદ માટેઃ વર્ષા વ્યાસ, ચેરમેન પદ માટેઃ આદિત્ય પટેલ પાર્ટીના આંતરિક વર્તુળોમાં ચાલી રહેલી આ ચર્ચાઓએ વડોદરાના રાજકારણમાં ભારે કુતૂહલ જગાડ્યું છે. ખાસ કરીને યુવા ચહેરા અને અનુભવી મહિલા અગ્રણીના સમન્વય સાથે નવી બોડીની રચના થાય તેવી પૂરેપૂરી શક્યતા જોવા મળી રહી છે. હવે સૌની નજર ભાજપના શનિવારના ‘વ્હીપ’ અને સત્તાવાર યાદી પર ટકેલી છે.

## NTA દ્વારા સત્તાવાર જાહેરાત કરવામાં આવી

# પેપર લીક બાદ NEET-UG 2026ની નવી તારીખ જાહેર: 21 જૂને લેવાશે પરીક્ષા

**દેશભરના** લાખો મેડિકલ ઉમેદવારોની રાહનો અંત

(પ્રતિનિધિ) વડોદરા,તા.15

મેડિકલ પ્રવેશ માટેની સૌથી મોટી પરીક્ષા NEET-UG 2026 ની નવી તારીખની આખરે સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે. પેપર લીકના વિવાદ બાદ રદ કરાયેલી પરીક્ષા હવે નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા 21 જૂન, 2026 રવિવારના રોજ આયોજિત કરવામાં આવશે. દેશભરના લાખો મેડિકલ ઉમેદવારો છેલ્લા કેટલાક દિવસથી નવી તારીખની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા.





અગાઉ નીટ-યુજીની પરીક્ષા યોજાયા બાદ પેપર લીક થયાની ફરિયાદો સામે આવી હતી. વિદ્યાર્થીઓ અને વાલીઓના ઉગ્ર વિરોધ બાદ એનટીએ એ પરીક્ષા રદ કરવાનો નિર્ણય લીધો હતો. આ ઘટનાને કારણે દેશભરના લગભગ 22 લાખથી વધુ ઉમેદવારોના ભવિષ્ય સામે પ્રશ્નાર્થ સર્જાયો હતો. વિદ્યાર્થીઓ માનસિક તણાવમાંથી પસાર થઈ રહ્યા હતા. એનટીએની સત્તાવાર જાહેરાત એનટીએ દ્વારા જાહેર કરાયેલી નોટિફિકેશન નીટ યુજી 2026 હવે 21 જૂન, 2026 ને રવિવારના રોજ એક જ સત્રમાં લેવામાં આવશે. પરીક્ષા પેન-પેપર મોડમાં જ લેવાશે. પરીક્ષા કેન્દ્રો અને એડમિટ કાર્ડ સંબંધિત વિગતવાર માહિતી આગામી દિવસોમાં એનટીએની સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે. એનટીએ ઉમેદવારોને સત્તાવાર વેબસાઈટ પરથી જ માહિતી મેળવવા અને અફવાઓથી દૂર રહેવા અપીલ કરી છે. પરીક્ષા માટે ફરીથી અરજી કરવાની જરૂર નથી. જે ઉમેદવારોએ અગાઉ અરજી કરી હતી તેઓ જ પરીક્ષા આપી શકશે. પેપર લીકની ઘટનાને ધ્યાનમાં રાખીને આ વખતે પરીક્ષા કેન્દ્રો પર સુરક્ષા વ્યવસ્થા વધુ કડક બનાવવામાં આવશે. પ્રશ્નપત્રોની છપાઈથી લઈને વિતરણ સુધીની સમગ્ર પ્રક્રિયામાં મલ્ટી-લેયર સિક્યુરિટી ગોઠવવામાં આવશે, એમ એનટીએના સૂત્રોએ જણાવ્યું છે. નીટ યુજી દ્વારા દેશની સરકારી અને ખાનગી મેડિકલ કોલેજોમાં એમબીબીએસ, બીડીએસ, આયુષ અને વેટરનરી સહિતના કોર્સમાં પ્રવેશ આપવામાં આવે છે. નવી તારીખ જાહેર થતા વિદ્યાર્થીઓને ફરીથી તૈયારી માટે સમય મળ્યો છે.

# MSUમાં હ્યુમન ડેવલપમેન્ટ એન્ડ ફેમિલી સ્ટડીઝમાં પ્રવેશ શરૂ

**જીકાસ** પોર્ટલ પરથી કરી શકાશે ઓનલાઈન અરજી, યુજી થી પીએચડી સુધીના કોર્સ ઉપલબ્ધ

(પ્રતિનિધિ) વડોદરા,તા.15

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાની ની ફેકલ્ટી ઓફ ફેમિલી એન્ડ કોમ્યુનિટી સાયન્સિસ દ્વારા બીએસસી ઈન હ્યુમન ડેવલોપમેન્ટ એન્ડ ફેમેલી સ્ટડીઝ સહિતના વિવિધ કોર્સ માટે પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓમાં આ કોર્સ પ્રત્યે સારો પ્રતિસાદ જોવા મળી રહ્યો છે.

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં “શેપ ફ્યુચર, સ્ટ્રેન્થન ફેમિલીઝ, ક્રિએટ લાસ્ટિંગ ઈમ્પેક્ટ”ના ધ્યેય સાથે કાર્યરત આ વિભાગમાં એડમિશન લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓ જીકાસ પોર્ટલ મારફતે ઓનલાઈન અરજી કરી શકશે. નાક દ્વારા A+ ગ્રેડ પ્રાપ્ત એમએસયુ ગુણવત્તાસભર શિક્ષણ, સર્વાંગી વિકાસ, સંશોધન અને નવીનતા માટે જાણીતી સંસ્થા છે.

વિભાગમાં વિદ્યાર્થીઓને અનુભવી પ્રોફેસરોના માર્ગદર્શન હેઠળ પ્રેક્ટિકલ અને સંશોધન આધારિત શિક્ષણ આપવામાં આવે છે. સાથે જ વ્યક્તિ, પરિવાર અને સમાજના સર્વાંગી કલ્યાણને કેન્દ્રમાં રાખી અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવ્યા છે. અભ્યાસ દરમિયાન વિવિધ વર્કશોપ, સેમિનાર અને ફિલ્ડ વર્ક દ્વારા વિદ્યાર્થીઓને પ્રાયોગિક અનુભવ પણ અપાય છે.

આ કોર્સ પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થીઓ કાઉન્સેલિંગ, ચાઈલ્ડ ડેવલોપમેન્ટ, ફેમિલી સર્વિસિસ, એનજીઓ, શિક્ષણ અને સંશોધન સહિતના ક્ષેત્રોમાં અર્થપૂર્ણ કારકિર્દી બનાવી શકે છે. વિભાગમાં અંડરગ્રેજ્યુએટ, પોસ્ટગ્રેજ્યુએટ, પીએચડી ઉપરાંત સર્ટિફિકેટ અને શોર્ટ-ટર્મ કોર્સિસ પણ ઉપલબ્ધ છે. ઈચ્છુક વિદ્યાર્થીઓએ જીકાસ પોર્ટલ પર જઈ ઓનલાઈન અરજી કરવાની રહેશે.

## ખાતમુહૂર્ત કે લોકાર્પણમાં હવે મર્યાદિત લશ્કર

# વડોદરાના કાર્યક્રમોમાં પણ પ્રોટોકોલના નામે થતા બિનજરૂરી ખર્ચ પર લાગશે લગામ

**સરકારમાં** હવે ‘વર્ક ફ્રોમ હોમ’નો વાયરો, વીજળી-પેટ્રોલ બચાવવા મુખ્યમંત્રીનો નવો પ્લાન

(પ્રતિનિધિ) વડોદરા તા.15

રાજ્ય સરકારના ખર્ચમાં કરકસર કરવાના હેતુથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે મળેલી કેબિનેટ બેઠકમાં તમામ મંત્રીઓ અને વિભાગો માટે મહત્વના નિર્દેશો જારી કર્યા છે. વધતા જતા ઈંધણના ભાવ અને વૈશ્વિક પરિસ્થિતિને ધ્યાને રાખીને સરકારે હવે ‘કોસ્ટ કટિંગ’ની દિશામાં મક્કમ ડગલાં માંડ્યા છે. વડોદરા સહિત રાજ્યભરમાં યોજાતા સરકારી કાર્યક્રમોમાં હવે મંત્રીઓનો મોટો કાફલો જોવા નહીં મળે.



કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રીએ સ્પષ્ટ સૂચના આપી છે કે મંત્રીઓએ પોતાના વિભાગોમાં પેટ્રોલ અને ડીઝલનો વપરાશ ઘટાડવો. ખાસ કરીને જ્યારે મંત્રીઓ વડોદરા કે અન્ય જિલ્લાઓના પ્રવાસે જાય અથવા લોકાર્પણ અને ખાતમુહૂર્તના કાર્યક્રમોમાં હાજરી આપે, ત્યારે સુરક્ષા અને પ્રોટોકોલના નામે રાખવામાં આવતા વાહનોના લાંબા કાફલાને મર્યાદિત કરવો. બિનજરૂરી પાઈલોટિંગ અને પેટ્રોલિંગ ગાડીઓની સંખ્યા ઘટાડી સરકારી ખર્ચ પર અંકુશ લાવવા તાકીદ કરવામાં આવી છે.

વડોદરા જેવા મહાનગરોમાં અવારનવાર યોજાતા સરકારી કાર્યક્રમો કે સમીક્ષા બેઠકો માટે હવે મંત્રીઓને શક્ય હોય ત્યાં સુધી વીડિયો કોન્ફરન્સનો ઉપયોગ કરવા જણાવાયું છે. જો ફિઝિકલ હાજરી અનિવાર્ય ન હોય, તો ટેકનોલોજીના માધ્યમથી કામ પૂર્ણ કરી પ્રવાસ ખર્ચ અને સમય બચાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

એક ક્રાંતિકારી વિચારધારા સાથે મુખ્યમંત્રીએ દરેક મંત્રીને તેમના વિભાગમાં ‘વર્ક ફ્રોમ હોમ’ કેટલી હદે શક્ય છે તેની ચકાસણી કરવા જણાવ્યું છે. જોકે, તેમણે એ પણ સ્પષ્ટ કર્યું છે કે કામની ગુણવત્તા કે ગતિના ભોગે આ છૂટછાટ આપવામાં આવશે નહીં. વહીવટી પ્રક્રિયા ડિજિટલ બને અને ઓફિસના સંસાધનોનો ખર્ચ ઘટે તેવો આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ્ય છે.

આ નિર્દેશોની અસર અત્યારથી જ જોવા મળી રહી છે. કેટલાક મંત્રીઓ ઈલેક્ટ્રિક કાર કે ટુ-વ્હીલરનો ઉપયોગ કરીને સંદેશ આપી રહ્યા છે કે સરકાર સામાન્ય જનતાની જેમ જ સંસાધનોના કરકસરભર્યા ઉપયોગ માટે ગંભીર છે.

# ITI પ્રવેશ માટે ફોર્મ ભરવાના શરૂ 25 મેએ પ્રોવિઝનલ મેરીટ લિસ્ટ

**સરકારી,** ગ્રાન્ટ-ઈન-એડ અને સ્વનિર્ભર સંસ્થાઓમાં પ્રવેશ માટેની મહત્વની તારીખો જાહેર

(પ્રતિનિધિ) વડોદરા,તા.15

ધોરણ-10 બાદ આઈટીઆઈમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે સરકારી, ગ્રાન્ટ-ઈન-એડ અને સ્વનિર્ભર આઈટીઆઈ સંસ્થાઓમાં પ્રવેશ સત્ર 2026 માટેનો પ્રવેશ એક્શન પ્લાન જાહેર કરી દેવામાં આવ્યો છે. ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ઓનલાઈન ફોર્મ અને ડોક્યુમેન્ટ વેરિફિકેશન આગામી 23 મે સુધી કરી શકાશે.

આઈટીઆઈ ખાતે ડોક્યુમેન્ટ વેરિફિકેશન, રજીસ્ટ્રેશન ફી ભરવી, ચોઈસ ફીલિંગ અને હેલ્પ સેન્ટરથી સુધારા-વધારા કરી શકાશે. પ્રોવિઝનલ મેરીટ લિસ્ટ 25 મે ના રોજ પ્રસિદ્ધ થશે. દિવ્યાંગ ઉમેદવારો માટે 22મે થી 27 મે દરમિયાન વિઆરસી A’bad દ્વારા ટ્રેડ સ્યુટેબીલીટી ઈસ્યુ કરાશે. મેરીટ લિસ્ટમાં વાંધા-સુધારા 26 મે થી 28 મે સુધી રજૂ કરી શકાશે. આખરી મેરીટ લિસ્ટ 1 જુલાઈના રોજ જાહેર થશે. પ્રથમ રાઉન્ડ ચોઈસ ફીલિંગ સુધારા 2 જુલાઈથી 5 જુલાઈ સુધી અને પ્રથમ રાઉન્ડનું પરિણામ 10 જુલાઈના રોજ જાહેર કરાશે. ફી ભરવા અને પ્રવેશ કન્ફર્મ 11 જુલાઈથી 15 જુલાઈ સુધી સંસ્થા ખાતે રૂબરૂ જઈને પ્રવેશ સ્વીકારવાનો રહેશે. આ જ તારીખોમાં ઓનલાઈન ટ્યુશન ફી પણ ભરવાની રહેશે. ખાલી બેઠકો જાહેર પ્રથમ રાઉન્ડ બાદ 17 જુલાઈના રોજ ખાલી બેઠકો જાહેર થશે. બીજો રાઉન્ડ 18 જુલાઈથી થી 22 જુલાઈ સુધી બીજા રાઉન્ડ માટે ફોર્મ ભરી શકાશે. આઈટીઆઈમાં પ્રવેશ ઈચ્છતા વિદ્યાર્થીઓએ નિયત સમયમર્યાદામાં ઓનલાઈન અરજી કરી દેવી અને નજીકના આઈટીઆઈ કે હેલ્પ સેન્ટર ખાતે ડોક્યુમેન્ટ વેરિફિકેશન કરાવી લેવા વધુ માહિતી માટે રાજ્યના રોજગાર અને તાલીમ વિભાગની સત્તાવાર વેબસાઈટ જોતા રહેવા જણાવવામાં આવ્યું છે.

## વોર્ડ નં.15ના કોર્પોરેટર આશીષ જોષીની જામીન અરજી રદ કરાઈ

# આશીષ જોષી સામે આયોજનબદ્ધ કાવતરાની કલમ ઉમેરવા કોર્ટનો હુકમ

**સંખેડાથી** ઝડપાયેલા દારૂના ગુનામાં કોંગી કાઉન્સિલરને જ્યુડિ. કસ્ટીમાં મોકલી આપવા હુકમ કરાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી દરમિયાન સામે આવેલા દારૂના કેસમાં Ashish Joshiની મુશ્કેલીઓ વધુ વધી ગઈ છે. સંખેડા પોલીસે અગાઉ તેમની ધરપકડ કરીને એક દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. રિમાન્ડ પૂર્ણ થતા શુક્રવારે તેમને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાં આરોપી તરફથી જામીન અરજી પણ કરવામાં આવી હતી. જોકે, પોલીસે વધુ કડક કાર્યવાહી તરફ પગલું ભરી ભારતીય ન્યાય સંહિતાની કલમ 111(3) હેઠળ આયોજનબદ્ધ કાવતરું અને સંગઠિત ગુનાખોરી સંબંધિત જોગવાઈ ઉમેરવા કોર્ટમાં અરજી કરી હતી.

પોલીસ દ્વારા કોર્ટ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી કે આશિષ જોષી અગાઉ પણ વિવિધ ગુનાઓમાં સંડોવાયેલા રહ્યા હોવાનું રેકોર્ડ દર્શાવે છે. ભલે કેટલાક કેસોમાં તેઓ નિર્દોષ છૂટ્યા હોય, છતાં તેમની વિરુદ્ધ નોંધાયેલા ગુનાઓનો ઈતિહાસ અને હાલની ઘટનાની પરિસ્થિતિને ધ્યાનમાં લેવી જરૂરી હોવાનું પોલીસે જણાવ્યું હતું. પોલીસના જણાવ્યા મુજબ હાલનો ગુનો માત્ર એકલદોકલ ઘટના નહીં પરંતુ આયોજનબદ્ધ રીતે ચાલી રહેલી ગેરકાયદેસર પ્રવૃત્તિનો ભાગ હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. તેથી BNS 111(3) જેવી કડક કલમ ઉમેરવી જરૂરી બની હોવાનું પોલીસે દલીલ કરી હતી.

બીજી તરફ બચાવ પક્ષના વકીલે પોલીસની અરજીનો જોરદાર વિરોધ નોંધાવ્યો હતો. તેમણે કોર્ટમાં દલીલ કરી હતી કે માત્ર ભૂતકાળમાં કેસ નોંધાયેલા હોવાના આધારે કોઈ વ્યક્તિ સામે નવી કડક કલમ લગાવી શકાય નહીં. અગાઉના કેસોમાં કોર્ટ દ્વારા નિર્દોષ જાહેર કરાયેલા મુદ્દાઓને હાલના કેસ સાથે જોડવાનો પ્રયાસ કાયદેસર રીતે યોગ્ય નથી. બચાવ પક્ષે પોલીસની કાર્યવાહી કાયદાનો દુરુપયોગ હોવાનું પણ જણાવ્યું હતું.

સરકાર પક્ષ અને બચાવ પક્ષ વચ્ચે થયેલી ધારદાર દલીલો બાદ કોર્ટે પોલીસની રજૂઆતને ધ્યાનમાં લઈને આરોપી આશિષ જોષીને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવાનો હુકમ કર્યો હતો. આ કેસમાં હવે આગામી સુનાવણી અને કોર્ટના આગળના આદેશ પર રાજકીય તેમજ કાનૂની વર્તુળોની નજર અટકેલી છે.

## ગરમીથી આંશિક રાહત,તાપમાન ઘટીને 39.6 ડીગ્રી નોંધાયું

(પ્રતિનિધિ) વડોદરા,તા.15

વડોદરા શહેરમાં હીટવેવની પરિસ્થિતિ વચ્ચે ગરમીનો પારો 43 ડિગ્રીની ઉપર પહોંચી ગયો હતો. જેથી બપોરે રસ્તા સુમસામ જોવા મળ્યા હતા. જો કે બીજા દિવસે શુક્રવારે ગરમીના તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. મહત્તમ તાપમાન 39.6 ડિગ્રી અને લઘુતમ તાપમાન 28.8 ડિગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 69% અને સાંજે 31% નોંધાયું હતું. મેના અંતિમ અઠવાડિયાથી પ્રિમોન્સૂન એક્ટિવિટી પણ જોવા મળી શકે છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગરમીથી થોડી રાહત મળવાની શક્યતા છે. હજી પણ પારો ત્રણ દિવસમાં બેથી ચાર ડિગ્રી ઘટી શકે છે. પવનની દિશામાં ફેરફાર થવાથી પારો ઘટવાની શક્યતા છે. આ વર્ષે ચોમાસાની શરૂઆત પહેલાં જ પૂર્વ-ચોમાસાની હવામાન પ્રવૃત્તિ જોવા મળી રહી છે.

# વડોદરા પાલિકાનો ‘સ્માર્ટ’ ફિયાસ્કો: ચાર્જિંગના ઠેકાણા નથી ને PM ઈલેક્ટ્રીક-બસો લાવીને ડેપોમાં ખડકી દીધી!

**કરોડોની** 7 ઇ-બસો ધૂળ ખાવા મજબૂર, તંત્ર પાસે ચાર્જિંગ પોઈન્ટ બનાવવાનું પણ આયોજન નથી

(પ્રતિનિધિ) વડોદરા તા.15

સંસ્કારી નગરી વડોદરાને સ્માર્ટ સિટી બનાવવાના દાવાઓ વચ્ચે પાલિકાના મિસમેનેજમેન્ટનો વધુ એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. કેન્દ્ર સરકારની મહત્વકાંક્ષી ‘PM e-Bus Sewa’ યોજના અંતર્ગત વડોદરાને ફાળવવામાં આવેલી અત્યાધુનિક ઈલેક્ટ્રિક બસો હાલમાં ઉપયોગમાં લેવાને બદલે ડેપોમાં ધૂળ ખાઈ રહી છે. આશ્ચર્યની વાત એ છે કે શહેરમાં 7 જેટલી ઈ-બસો આવી પહોંચી હોવા છતાં, તંત્ર દ્વારા હજુ સુધી તેના ચાર્જિંગ માટેની પૂરતી સુવિધા



ઊભી કરવામાં આવી નથી, જેના કારણે કરોડો રૂપિયાનું આંધણ થયા બાદ પણ જનતાને તેનો લાભ મળી રહ્યો નથી.

વડોદરા મહાનગરપાલિકાના વહીવટમાં સંકલનનો કેવો અભાવ છે તેનો પુરાવો આ ઘટના પરથી મળે છે. સરકાર દ્વારા પર્યાવરણની જાળવણી અને પ્રદૂષણ ઘટાડવાના ઉમદા હેતુથી ઈ-બસોની ફાળવણી કરવામાં આવી હતી. પરંતુ વહીવટી તંત્રની આળસ અને પૂર્વ આયોજનના અભાવે આ બસો શોભાના ગાંઠિયા સમાન બની ગઈ છે. જ્યારે બસો ઓર્ડર કરવામાં આવી ત્યારે જ તેના ચાર્જિંગ પોઈન્ટ્સ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેની તૈયારીઓ પૂર્ણ કરી લેવાની જરૂર હતી, પરંતુ અહીં તો ‘ઘોડો છૂટ્યા પછી તબેલાને તાળા મારવા’ જેવી સ્થિતિ સર્જાઈ છે.

શહેરના જાગૃત નાગરિકોમાં પણ આ મામલે ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો સવાલ કરી રહ્યા છે કે જો ચાર્જિંગની સુવિધા જ નહોતી, તો બસો વહેલી મંગાવવાનો અર્થ શું? પીએમ ઈ-બસ સેવા હેઠળ મળેલી આ બસોની હાલત જોઈને સરકારના ઉચ્ચ સ્તરે પણ નારાજગી ફેલાય તેવી શક્યતા છે. એકતરફ શહેરીજનો ટ્રાફિક અને જાહેર પરિવહનની સમસ્યાથી ઝઝૂમી રહ્યા છે, ત્યારે તૈયાર બસો હોવા છતાં માત્ર ચાર્જિંગ પ્લગના વાંકે મુસાફરોને રઝળવું પડી રહ્યું છે.

પાલિકાના આ ‘સ્માર્ટ’ વહીવટે ફરી એકવાર સાબિત કર્યું છે કે યોજનાઓ માત્ર કાગળ પર લાવવી પૂરતી નથી, તેનું યોગ્ય અમલીકરણ પણ એટલું જ જરૂરી છે. હાલમાં તો આ 7 ઈ-બસો ડેપોમાં પડી રહીને ભંગારમાં ફેરવાય તેવી ભીતિ સેવાઈ રહી છે.

## મૃત્યુ પછી પણ માનવસેવાની મિસાલ : વડોદરાના પાનવલકર પરિવારનું દેહદાનનું પ્રેરણાદાયી કાર્ય

# દેહદાનથી ભાવિ ડૉક્ટરોના શિક્ષણમાં મળશે અમૂલ્ય સહયોગ

**પિતાની** અંતિમ ઈચ્છાને સંતાનોએ આપ્યો માન

(પ્રતિનિધિ), વડોદરા. તા.15

“માનવ સેવા એ જ પ્રભુ સેવા” – આ ઉક્તિ આપણે અવારનવાર સાંભળીએ છીએ, પરંતુ જીવનના અંત પછી પણ સમાજ માટે ઉપયોગી બની રહેવું એ ખૂબ ઓછા લોકો કરી બતાવે છે. વડોદરામાં માનવતાની સુગંધ ફેલાવતો એક એવો જ પ્રેરણાદાયી બનાવ સામે આવ્યો છે, જેમાં એક સંસ્કારી પરિવારે પોતાના મોભીના અવસાનના ઘેરા શોક વચ્ચે પણ સમાજહિતનો માર્ગ પસંદ કરીને દેહદાનનું ઉમદા કાર્ય કર્યું છે. આ સેવાભાવી નિર્ણયની સમગ્ર શહેર તેમજ તબીબી ક્ષેત્રમાં પ્રશંસા થઈ રહી છે.



વડોદરાના નિવાસી સ્વ. પદ્માકર શંકરરાવ પાનવલકર હવે આ દુનિયામાં નથી રહ્યા, પરંતુ તેમનો નશ્વર દેહ હવે ભાવિ ડૉક્ટરોના શિક્ષણ, પ્રાયોગિક અભ્યાસ અને તબીબી સંશોધનમાં ઉપયોગી બનીને એક રીતે અમર બની રહેશે. પ્રગતિશીલ અને સેવાભાવી વિચારો ધરાવતા સ્વ. પદ્માકરભાઈએ વર્ષ 2016માં જ સ્વેચ્છાએ દેહદાન માટેનું ફોર્મ ભરી પોતાની અંતિમ ઈચ્છા સ્પષ્ટ કરી દીધી હતી. તેઓ માનતા હતા કે મૃત્યુ પછી પણ માનવ શરીર સમાજના હિતમાં કામ લાગી શકે છે.

પિતાના અવસાન બાદ તેમના પુત્ર શ્રીપાદ પાનવલકર અને પુત્રી મનીષા હરણે પરિવારજનો સાથે ચર્ચા કરીને પિતાની અંતિમ ઈચ્છાને પ્રાથમિકતા આપી હતી. પરંપરાગત શોક અને લાગણીઓ વચ્ચે પણ સંતાનોએ મક્કમ મનોબળ સાથે તેમના પાર્થિવ દેહને સયાજી હોસ્પિટલના મેડિકલ કોલેજને સોંપવાનો ઐતિહાસિક નિર્ણય લીધો હતો. પરિવારના આ કાર્યને અનેક લોકોએ માનવતાની ઉત્તમ મિસાલ ગણાવી છે.

### સ્વ.પિતા હંમેશ સમાજ ઉપયોગ કાર્યો કરતા

પિતાના દેહદાન અંગે તેમના પુત્ર શ્રીપાદ પાનવલકરે ભાવુક સ્વરે જણાવ્યું હતું કે, “અમારા પિતાજી હંમેશાં સમાજ ઉપયોગી કાર્યોમાં આગળ રહેતા હતા. તેમણે વર્ષો પહેલાં જ દેહદાન કરવાનો નિર્ણય લીધો હતો. આજે તેમની અંતિમ ઈચ્છા પૂર્ણ કરીને અમને ગર્વ અને આત્મિક શાંતિની લાગણી થઈ રહી છે.”

તબીબી વિજ્ઞાનમાં એનાટોમીનો અભ્યાસ ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. મેડિકલ વિદ્યાર્થીઓ માટે માનવ શરીરની રચના અને તેની કાર્યપદ્ધતિને નજીકથી સમજવા દેહદાન અત્યંત ઉપયોગી સાબિત થાય છે. સ્વ. પદ્માકરભાઈનો દેહ હવે ભાવિ ડૉક્ટરોના પ્રાયોગિક શિક્ષણ તેમજ તબીબી સંશોધનમાં ઉપયોગી બનશે. એક રીતે જોઈએ તો તેઓ ભલે હવે આપણી વચ્ચે નથી, પરંતુ આવનારા સમયમાં અનેક દર્દીઓના જીવન બચાવવામાં આડકતરી રીતે યોગદાન આપતા રહેશે.

આજના સમયમાં સમાજમાં દેહદાન અને અંગદાન અંગે હજુ પણ અનેક ગેરસમજો અને અંધશ્રદ્ધાઓ જોવા મળે છે. આવા સમયમાં પાનવલકર પરિવારે લીધેલું આ સાહસિક અને સેવાભાવી પગલું સમાજમાં જાગૃતિ લાવનારું સાબિત થઈ રહ્યું છે. મેડિકલ કોલેજના તબીબો અને સત્તાધીશોએ પણ પરિવારનો આભાર વ્યક્ત કરી તેમની માનવસેવાને બિરદાવી હતી.

## વડોદરાવાસીઓએ તંત્રની બેધારી નીતિ સામે સવાલો ઉઠાવ્યા

# સુરસાગર પાસે દબાણ હટાવવા ગયેલી ટીમ સામે જનઆક્રોશ: પક્ષપાતી કાર્યવાહી કેમ?

**નાના** વેપારીઓ ભીંસમાં, મોટા માથાઓને મોકળું મેદાન

(પ્રતિનિધિ) વડોદરા, તા.15

સંસ્કારી નગરી વડોદરાના હાર્દ સમાન અને પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર ગણાતા સુરસાગર તળાવ પાસે શુક્રવારે ફરી એકવાર વડોદરા મહાનગરપાલિકાની દબાણ હટાવવાની કામગીરીને લઈને ભારે હોબાળો મચ્યો હતો. ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતાં જ તંત્ર અચાનક ‘એક્શન મોડ’માં આવી ગયું હોવાની ચર્ચાઓ વચ્ચે આ કામગીરી હવે અનેક સવાલો અને વિવાદોના ઘેરામાં આવી ગઈ છે. ખાસ કરીને ગરીબ લારીધારકોને નિશાન બનાવવામાં આવતા સ્થાનિક વેપારીઓ અને પીડિત પરિવારોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો.

મળતી માહિતી મુજબ, શુક્રવારે સવારના સમયે કોર્પોરેશનની દબાણ શાખાની ટીમ પોલીસ કાફલા સાથે સુરસાગર વિસ્તારમાં પહોંચી હતી અને રસ્તા ઉપરની લારીઓ તથા દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરી હતી. જોકે, કાર્યવાહી શરૂ થાય તે પહેલાં જ કેટલાક ‘માનીતા’ તત્વોને જાણ થઈ ગઈ હોવાના આક્ષેપો ઉઠ્યા છે. સ્થાનિક વેપારીઓએ સવાલ કર્યો હતો કે શું પાલિકાના જ કેટલાક ભ્રષ્ટ કર્મચારીઓ અથવા અધિકારીઓ દ્વારા પૂર્વ સૂચના આપવામાં આવે છે? પરિણામે સેટિંગ ધરાવતા લોકો સમયસર સ્થળ છોડીને જતા રહ્યા, જ્યારે વર્ષોથી લારી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા નાના વેપારીઓ કાર્યવાહીનો ભોગ બન્યા હતા.

લારીચાલકોએ આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે તંત્રને માત્ર ગરીબોની લારીઓ જ દબાણરૂપ દેખાય છે, જ્યારે આજુબાજુ બેદરકારીપૂર્વક પાર્ક થતા મોંઘા વાહનો સામે કોઈ કાર્યવાહી થતી નથી. વેપારીઓએ માગ કરી હતી કે જો કાયદો બધા માટે સમાન હોય તો કાર્યવાહી પણ પારદર્શક અને નિષ્પક્ષ હોવી જોઈએ. શહેરમાં એવી પણ ચર્ચા છે કે ચૂંટણી સમયે આપવામાં આવેલા આશ્વાસનો હવે માત્ર દેખાવ પૂરતા જ સાબિત થઈ રહ્યા છે. વેપારી સંગઠનો અને નાગરિકોએ માંગ કરી છે કે તંત્ર માત્ર દેખાવ પૂરતી કાર્યવાહી કરવાનું બંધ કરી ગરીબોના રોજગારને સુરક્ષિત રાખે તેમજ ટ્રાફિક અને દબાણની સમસ્યાનો કાયમી અને ન્યાયસંગત ઉકેલ લાવે.